# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2023** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અંકિત પ્રજાપતિ વાંચે છે.

---

- મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપવાના આશયથી આજે કેન્દ્રિય મંત્રી પરષોત્તમ રૂપાલાની અધ્યક્ષતામાં અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે વૈશ્વિક મત્સ્ય પાલન પરિષદ યોજાશે.
- સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા રાજયમાં 48 સ્ટેશનો ઉપર 51 જેટલા એક સ્ટેશન એક ઉત્પાદન સ્ટોલ્સ ઉભા કરાયા.
- ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આગામી 9મી ડિસેમ્બર સુધી ખાસ મતદારયાદી સુધારણા કાર્યક્રમનું આયોજન.
- આ મહિનાના અંતમાં યોજાનારા ખેલ મહાકુંભમાં રાજયમાં 66 લાખથી વધુ ખેલાડીઓએ નોંધણી કરાવી.
- રાજયમાં આગામી 25 અને 26 નવેમ્બરે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# FISHERIES CONF.

કેન્દ્રીય મત્સ્યપાલન મંત્રી પરષોત્તમ રૂપાલા અમદાવાદમાં સાયન્સ સીટી ખાતે વૈશ્વિક મત્સ્યપાલન પરિષદનું ઉદ્ઘાટન કરશે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મત્સ્યપાલન રાજ્ય મંત્રી એલ મુરૂગન ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

વિશ્વ માછલી દિવસ નિમિત્તે યોજાનારી આ બે દિવસીય પરિષદ દરમિયાન ટેકનીકલ સત્ર, દ્વિપક્ષીય બેઠકો તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે નવકલ્પના જેવા સત્રો યોજાશે. તેમજ આ ક્ષેત્રની નવી ટેકનોલોજી અને ઉત્પાદનો દર્શાવતું પ્રદર્શન પણ યોજાશે. જેમાં દસથી વધુ દેશોના પ્રતિનિધિ મંડળ, મત્સ્યપાલન ક્ષેત્રના નીતિ ઘડવૈયાઓ, ભાગ લેશે.

વધુ માહિતી આપતાં શ્રી રૂપાલાએ આ મુજબ જણાવ્યું..

## (બાઇટ- પરષોત્તમ રૂપાલા)

આ ઉપરાંત આ પરિષદમાં આજે ગુજરાતની ઇનલેંડ જળાશય લીઝિંગ પોલિસીની અને ગુજરાત રાજયની સત્તાવાર માછલીની જાહેરાત પણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# ONE STATION ONE PRODUCT YOJNA

સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપતાં પશ્ચિમ રેલવેના ૮૩ રેલવે સ્ટેશનો પર “એક સ્ટેશન એક ઉત્પાદન” યોજનાના કુલ ૮6 સ્ટોલ ઉભા કરાયા છે. જે પૈકી ગુજરાતમાં 48 રેલવે સ્ટેશનો પર 51 સ્ટોલ ગ્રાહકો માટે શરૂ કરાયા છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરે જણાવ્યું છે કે ગત ૭મી નવેમ્બર સુધીમાં આ યોજનાનો લાભ દોઢ લાખથી વધુ લાભાર્થીઓને થયો છે, અને આ સ્ટોલ દ્વારા અંદાજે 50 કરોડ રૂપિયાનું વેચાણ થયું છે.

તેમણે વધુમાં કહ્યું કે આ સ્ટોલમાં આદિજાતિ વર્ગના લોકો દ્વારા બનાવવામાં આવેલી કલાકૃતિઓ, સ્થાનિક વણકરો દ્વારા નિર્મિત કાપડ, લાકડા પર નકશી કામ, સ્થાનિક વાનગીઓ, મિરર વર્ક, વારલી પેઇન્ટિંગ જેવા હસ્તકલા કસબીઓની કૃતિઓનું પણ વેચાણ કરવામાં આવે છે.

............................

રીપીટ

# ECI-SSR 2024

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આગામી નવમી ડિસેમ્બર સુધી ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ- 2024 યોજાશે. ચૂંટણી પંચે બધા જ પાત્ર મતદારોને મતદારયાદીમાં પોતાનું નામ ઉમેરવા અને પોતાની વિગતોમાં જરૂર હોય તો સુધારો કરવાની અપીલ કરી છે. પહેલી જાન્યુઆરી, 2024ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનાર યુવાનો મતદાર યાદીમાં નામ ઉમેરવા અરજી કરી શકશે..

હયાત મતદારયાદી અંગે દાવાઓ અને વાંધાઓનો નિકાલ ચૂંટણી પંચ દ્વારા આગામી 26મી ડિસેમ્બર સુધીમાં કરાશે અને ત્યારપછી પાંચમી જાન્યુઆરી, 2024ના રોજ આખરી મતદાર યાદી જાહેર કરાશે.

. . . . . . . . . . . . . . . . .

રીપીટ

# SURAT COLLECTOR AAYUSH

આગામી ૨૩મી નવેમ્બરે સુરત ખાતે યોજાનાર પ્રિ-વાઇબ્રન્ટ ફયુચર રેડી પાંચ F ટેકસ્ટાઇલ સેમિનાર સંદર્ભે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઈ ગઇ.

પ્રધાનમંત્રીના આગવા પાંચ F વિઝન- "ફાર્મ ટુ ફાયબર- ફાયબર ટુ ફેબ્રિક- ફેબ્રિક ટુ ફેશન- ફેશન ટુ ફોરેન" પર ટેક્ષટાઈલના નિષ્ણાતો વકતવ્ય આપશે. આ પ્રિ-વાઇબ્રન્ટ સમિટમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, કેન્દ્ર સરકારના ટેકસ્ટાઇલ મંત્રી પિયુષ ગોયલ, રેલ અને ટેકસ્ટાઇલ રાજયમંત્રી દર્શના જરદોશ, તેમજ હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે.

ત્રણ સેશનમાં યોજાનારા સેમિનારમાં નેશનલ ટ્રેડ કાઉન્સીલ એસોચેમના ચેરમેન સોહેલ નથવાણી, પ્રશાંત અગ્રવાલ તથા સિનિયર કન્સલન્ટ સુર્યદેવ મુખર્જી માર્ગદર્શન આપશે. આ વિશે વધુ માહિતી આપતા સુરત જિલ્લા કલેક્ટર આયુષ ઓક એ પત્રકાર પરિષદ સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.

## બાઈટ - આયુષ ઓક, જિલ્લા કલેકટર

---

-પીટીસી સુરત ,જયેશ પટેલ, વિધિ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# Khel Mahakumbh 2.0

રાજ્યના નાગરિકોને રમત ગમત ક્ષેત્રે પોતાનું કૌશલ્ય બતાવવાની તક આપતા અને આ વર્ષમાં યોજાનાર ખેલ મહાકુંભમાં અત્યાર સુધી 66 લાખ થી વધુ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. આ વર્ષે ખેલ મહાકુંભ નવેમ્બર મહિનાના અંતમાં અથવા ડિસેમ્બરમાં યોજાશે. જેમાં ૩૯ રમત સ્પર્ધાઓ યોજાશે. ખેલ મહાકુંભમાં સારું પ્રદર્શન કરનાર રાજ્યના યુવા ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળે છે.

. . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# WEATHER

રાજયમાં આગામી 25 અને 26 નવેમ્બરે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ 26 નવેમ્બરે દમણ-દાદરાનગર હવેલી, દાહોદ, પંચમહાલ, ગીર સોમનાથ, જૂનાઢ, પોરબંદર, રાજકોટમાં હળવોથી મધ્યમ વરસાદ થઇ શકે છે.

આગામી પાંચ દિવસ રાજયમાં હવામાન સૂકું રહેશે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થાય તેવી સંભાવના છે. માવઠા બાદ રાજયમાં ઠંડીનો ચમકારો વધી શકે છે.

ગઇકાલે રાજયમાં લઘુત્તમ તાપમાન 13 ડિગ્રી સેલ્સીયસ સાથે નલિયા સૌથી ઠંડી શહેર રહ્યું હતું.

---------------------------------------------------------------------

-ડીડીન્યુઝ, રૂપલ -(નવીન)

# Bharat Sankalp Yatra

દેશ સહિત રાજ્યભરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઇ રહી છે. જેમાં વિવિધ જિલ્લાઓમાં સંકલ્પ યાત્રાના રથ દ્વારા સરકારની 17 જેટલી વિવિધ યોજના વિશે માહિતી અને લાભો પૂરા પાડવામાં આવી રહ્યા છે.

ત્યારે પંચમહાલ જિલ્લામાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ના આયોજન સંદર્ભે ગઇકાલે ગોધરા કલેકટર કચેરી સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠક રાજ્ય કક્ષાના નોડલ અધિકારી પ્રશાત અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાઇ જેમાં સરકારની પ્રજાકલ્યાણકારી યોજનાઓનો નાગરિકો સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતિ ફેલાવવા આયોજન કરવામાં આવેલ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ની માહિતી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે આ માટે જિલ્લામાં જિલ્લા,તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ અમલીકરણ- સમિતિની રચના કરવામાં આવેલ છે. જેની બેઠકમાં સમીક્ષા કરાઇ હતી.

નર્મદા જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્રીય રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં નાંદોદના સોંઢલિયા ગામે બાલિકાઓએ કુમ કુમ તિલક કરી રથનું સ્વાગત કર્યું હતુ.

-----------------------------------------------------------------------

-પીટીસી-પંચમહાલ, અંકિત -(નવીન)

# Patan–balvantsinh rajput

અખિલ વઢીયાર વિકાસ કર્મચારી સંઘ પાટણ દ્વારા સમાજનો વાર્ષિક વિદ્યાર્થી સન્માન સમારોહ અને સ્નેહમિલન કાર્યક્રમ ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં જે.એમ. સોનારા છાત્રભુવન પાટણ ખાતે યોજવામાં આવ્યો હતો.

અમારા પાટણના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે, આ પ્રસંગે વઢીયાર પંથકના 33 તેજસ્વી તારલાઓ, 9 નિવૃત્ત અધિકારી કર્મચારીઓ તેમજ નવી નોકરી લાગેલા 8 વ્યક્તિઓ અને 7 વિશિષ્ટ વ્યક્તિઓનું મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદબોધનમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે વઢિયાર વિકાસ કર્મચારી સંઘની સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટેની દીર્ઘદ્રષ્ટિને બિરદાવતા જણાવ્યું હતું કે સમાજની ચિંતા માટે સારો વિચાર આવવો એ પણ અન્ય સમાજ માટે ઉદાહરણરૂપ છે. તેમણે કહ્યું કે આજે ૨૧મી સદીમાં જ્ઞાન અને ટેકનોલોજીની દુનિયામાં અન્ય સમાજની હરોળમાં તાલ મિલાવવા માટે શિક્ષિત અને સંગઠિત બનીને આગળ વધવું જોઈએ.

---

-Ptc /રમેશ સોલંકી /રૂપલ -(નવીન)

# WORLD TELEVISION DAY

આજે 21મી નવેમ્બરે વિશ્વ ટેલિવિઝન દિવસની ઉજવણી થઇ રહી છે. વૈશ્વિક સ્તરે સમાજે અને સંસ્કૃતિ પર ટેલિવિઝનની અસર તેમજ માહિતી અને મનોરંજન પીરસવાની ટેલીવિઝનની ભૂમિકાને પ્રતિબિંબિત કરવામાં આવે છે.

દૂરદર્શન કેન્દ્ર અમદાવાદના સહયોગથી ગુજકોસ્ટ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં વિવિધ શાળાઓ તેમજ બોર્ડના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના જૂથ દ્વારા અધિકારીઓ સાથે વાર્તાલાપ કરવાની તક મળશે. તેઓ આ શક્તિશાળી માધ્યમની સકારાત્મક કામગીરીથી પરિચિત થશે. ટેલિવિઝન સમાચાર શિક્ષણ અને મનોરંજન સ્ત્રોત હોવા ઉપરાંત સમકાલીન વિશ્વમાં સંચાર અને વૈશ્વિકરણનુ પ્રતીક છે.

-----------------------------------------------------------------------

-માખા. રૂપલ -(નવીન)